
## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ કુંભ**

**આજના ગ્રહોની કુંડળી**




**આજે રાત્રે પોણા ત્રણ વાગે ચંદ્ર મીન રાશિમાં પ્રવેશ કરશે. મીનારક કમૂરતાં અને ચાંડાલ યોગ ચાલે છે. શુક્ર ઉચ્ચનો છે - ગુરુ સૂર્ય પરિવર્તન યોગથી ઉચ્ચના થાય છે. જો જન્મના ગ્રહો બળવાન હશે તો...**

**મેષ** આઠમે મંગળ - પડવા - વાગવા - દાઝવાથી સાચવવાનું સૂચવે છે. ધ્યાન રાખશો તો ફાવશો નહીં તો વણ જોઈતી ઉપાધિઓ વહોરી લેશો. સાવધ રહેવું.

**વૃષભ** સ્વગૃહી મંગળ - શનિની વક્ર દ્રષ્ટિ તમારી રાશિને કલૂષિત કરે છે. બારમે બુધ પણ સાચવવા જેવો છે - ખોટા કાર્યો કરવા તરફ તમારું મન પ્રેરે.

**મિથુન** તમારી રાશિથી બધા જ સારા સ્થાનોમાં ત્રીજે - છઠ્ઠે - દસમે - અગિયારમે બધા ગ્રહો આવેલ છે જેથી આજનો દિવસ તમારે માટે ફાયદાકારક છે.

**કર્ક** આઠમે ચંદ્રને પાંચમે મંગળ શનિની યુતિ તમારી તંદુરસ્તી અને તમારા સંતાનોના અભ્યાસ માટે ખતરારૂપ છે - સંતાનોના અભ્યાસ પ્રત્યે ધ્યાન આપશો તો સારું.

**સિંહ** ચાંડાલ યોગ રાશિમાં છે - ચંદ્રની દ્રષ્ટિ છે એટલે થોડી રાહત મળે બાકી તો તમોને એમ લાગ્યા કરે કે દુનિયામાં તમારાથી વધુ દુ:ખી કોઈ હશે જ નહીં.

**કન્યા** સાંસારિક જીવનના કેટલાક નવા પ્રશ્નો ઊભા થઈ શકે તેમ છે માટે સહનશીલતા કેળવીને જીદ્દીપણું છોડીને પ્રશ્નો હલ કરવા પ્રયાસ કરશો તો દિવસ સારો જશે.

**તુલા** ગ્રહોની ચાલો જોતાં આર્થિક નુકસાન થવાના યોગો છે - શેર - સટ્ટા, જુગારમાં નાણાંકીય નુકસાન સહન કરવાના યોગો ઊભા થયેલ છે - સાચવવું.

**વૃશ્ચિક** નવું સાહસ કરવા જઈ રહ્યા છો જેમાં સફળતા મળવાના બહુ ચાન્સ જણાતા નથી. જમીન - મકાન વિગેરેના કામોમાં આર્થિક ફાયદો થશે.

**ધન** સંતાનો તમારી સૂચનાઓનું સદંતર ઉલ્લંઘન કરશે - નવા નવા પ્રશ્નો ઊભા કરશે - જીવનસાથી તરફથી સહકાર નહીં મળે - સંયમ રાખીને કાર્ય કરશો.

**મકર** રાજ્ય સરકાર દ્વારા કોઈ લાભ થવાનો સંભવ છે. તમારા લંબા સમયથી વણઉકલ્યા પ્રશ્નો હશે તો તે ઉકલવાના ચાન્સીસ પણ ખૂબ જ છે. દિવસ સારો જશે.

**કુંભ** ચાંડાલ યોગની દ્રષ્ટિમાં રાશિમાં ચંદ્ર છે જેથી તમારું મન ગ્લાનિયુક્ત રહેશે. વારંવાર મન વિચલિત થઈ જાય. જીવનસાથી તમારે માટે નવા પ્રશ્નો ઉભા કરે.

**મીન** સૂર્ય - શુક્રની યુતિથી તમોને તંદુરસ્તી બાબતમાં સારું સુખ મળશે - શારીરિક પ્રશ્નો હલ થઈ જશે - નવો ઉત્સાહ, જોમ શરીરને અનુભવવા મળશે. દિવસ સારો જશે.

## કંપની સમાચાર

## સિમેન્ટ કંપનીઓએ રીટેલ ગ્રાહકો સાથે સીધા જોડાણ માટે નવીન માર્કેટિંગ વ્યૂહરચના તૈયાર કરી

ભારતમાં સિમેન્ટ ઉદ્યોગ છેલ્લા કેટલાક વર્ષોથી ખૂબ જ ગંભીર તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે. સિમેન્ટનો પુરવઠો માગ કરતા વધી ગયો હોવાથી સિમેન્ટની કંપનીઓનું માર્જીન્સ દબાણ હેઠળ આવ્યું છે. ભારતમાં સિમેન્ટનો વપરાશ અંદાજે વાર્ષિક ૩૫ કરોડ ટન (એમટીપીએ) છે જ્યારે તેનો પુરવઠો ૪૦ કરોડ ટન જેટલો છે.

વધુ પડતા પુરવઠા અને માર્જિન્સમાં ઘટાડાને પગલે અનેક સિમેન્ટ કંપનીઓએ બ્રાન્ડની વફાદારી જળવાઈ રહે તે માટે રીટેલ ગ્રાહકો સાથે સીધા જોડાણ માટે નવીન માર્કેટિંગ ટેકનિક અપનાવી છે.

ગુજરાતની અગ્રણી સિમેન્ટ કંપનીઓમાંની એક સાંધી ઈન્ડસ્ટ્રીઝ લિ.એ રીટેલ ગ્રાહકોને વિવિધ ઈનામો આપતી એક યોજના રજૂ કરી છે. 'સાંધી માંગો, ઘર બાંધો અમારા ખર્ચે' યોજના ૧૦ પોર્ટલેન્ડ પોઝોલાના સિમેન્ટ બેગ્સ અથવા ૨૦ ઓર્ડીનરી પોર્ટલેન્ડ સિમેન્ટ બેગ્સથી વધુની ખરીદી કરનારા ગ્રાહકો માટે અમલી છે. આ યોજના હેઠળ કંપની રૂ. ૧૦ લાખ સુધીનો બાંધકામ ખર્ચ, એક કાર, બાઈક્સ, એલઈડી ટીવી, સોનાના સિક્કા અને સમાર્ટ ફોન્સ ઈનામ તરીકે રજૂ કરી રહી છે.

આ અજોડ પહેલ અંગે ટીપ્પણી કરતાં સાંધી ઈન્ડસ્ટ્રીઝ લિ.ના એવીપી-સેલ્સ એન્ડ માર્કેટિંગ શ્રી શૈલેષ ઝાએ જણાવ્યું હતું કે, 'તેની સ્થાપનાના સમયથી સાંધી સિમેન્ટ હંમેશા તેમનું સ્વપ્નનું ઘર બનાવતા રીટેલ ગ્રાહકો સહિત તેના બધા જ હિસ્સેદારોની કાળજી રાખે છે. આ યોજના મારફત અંતિમ વપરાશકાર સાથે જોડાવાનો અને અમારી સાથે તેમની વફાદારી માટે તેમને વળતર આપવાનો છે.

સિમેન્ટ એક કોમોડિટી હોવાથી બે અલગ અલગ કંપનીઓના ઉત્પાદનો વચ્ચે ભેદ પાડવાનું રીટેલ ગ્રાહકો માટે ખૂબ જ મુશ્કેલ છે. તેથી સિમેન્ટ કંપનીઓ બ્રાન્ડ પ્રત્યેની વફાદારીની ખાતરી માટે ગ્રાહકોને વધુ સારી સેવા પુરી પાડવા પર ધ્યાન કેન્દ્રીત કરી રહી છે. ડિલર્સ અને ડિસ્ટ્રિબ્યુટર્સ જેવી સીધી ટ્રેડ ચેનલ્સ સાથે જોડાણ ઉપરાંત અનેક કંપનીઓએ રીટેલ ગ્રાહકોની બધી જ જરૂરિયાતો પુરી કરવા માટે તેમની સાથે સીધો સંપર્ક સ્થાપ્યો છે.

શ્રી ઝાએ જણાવ્યું હતું કે કંપની બાંધકામ ક્ષેત્રોની સમસ્યાઓના ઉકેલ માટે કોન્ટ્રાક્ટર્સ અને કડિયા તેમજ અંતિમ વપરાશકારોને તાંત્રિક માર્ગદર્શન આપવા માટે તાલિમ કાર્યક્રમોનું પણ આયોજન કરે છે. 'સિમેન્ટ ઉદ્યોગ માટે મકાન માલિકો મહત્વના ગ્રાહકો છે અને તેઓ કોન્સ્ટાર્કટર્સ, કડિયા અને આર્કિટેક્સ જેવા બાંધકામ ઉદ્યોગના નિષ્ણાતોના મંતવ્યોના આધારે નિર્ણય લે છે, 'તેમ શ્રી ઝાએ ઉમેર્યું હતું.

સાંધી સિમેન્ટે ગુજરાત, રાજસ્થાન અને કેરળના અગ્રણી શહેરો અને ટાઉન્સમાં ૪૫ કન્ઝયુમર કેર સેન્ટર્સ સ્થાપ્યા છે, જે રીટેલ ગ્રાહકોને મફતમાં બાંધકામ સંબંધિત માહિતી પુરી પાડે છે. આ કસ્ટમર કેર સેન્ટર્સ અંતિમ વપરાશકારોને સ્ટ્રક્ચરલ ડ્રોઈંગ્સ, ખર્ચના અંદાજ અને બાંધકામ નીરિક્ષણ માટે સહાય પણ પુરી પાડે છે.






## વણઝર ગામના દલિત પરિવારના સભ્યો અરવલ્લી જિલ્લા પંચાયતમાં અનશન પર બેઠા

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના વણઝર ગામે ગામની સીમમાં આવેલા પ્લોટ નં. ૩ અને ૪ના માલિકો દ્વારા ગેરકાયદેસર બાંધકામ શરૂ કરાતા ગામના જાગૃત દલિત નાગરિક ખેમચંદભાઈ વર્માએ સ્થાનિકતંત્ર તાલુકા જિલ્લા અને ઉચ્ચ અધિકારીઓ અને જવાબદાર તંત્રમાં લેખીત ફરીયાદ કરતા જિલ્લા વિકાસ અધિકારીએ ૧૯-૨-૨૦૧૩ના રોજ જ્યાં સુધી આ મામલે નિર્ણય ન આવે ત્યાં સુધી બાંધકામ સ્થગીત કરવાનો હૂકમ કર્યો હતો, પરંતુ પ્લોટ માલિકો દ્વારા આ હૂકમની ઐસીતૈસી કરી બાંધકામ યથાવત રાખતા અરજદાર ખેમચંદ વર્મા અને પરિવારજનો ગેરકાયદેસર બાંધકામ દૂર કરવા અને આ મુદ્દે નિર્ણય ન આવે ત્યાં સુધી કામકાજ બંધ કરવા માટે સોમવારે દલિત પરિવાર અરવલ્લી જિલ્લા પંચાયત કચેરી ખાતે અનશન પર બેસી છેલ્લે સુધી લડી લેવાનો નિર્ધાર કરી આ પ્લોટ નં. ૩ અને ૭ અંગે યોગ્ય ચુકાદો ન આવે અથવા જવાબદારતંત્ર દ્વારા યોગ્ય નિર્ણય ન લેવાય ત્યાં સુધી અનશન જારી રાખવાનો નિર્ણય લીધો હતો.

# ઉનાવા ગામે ચૈત્રી નવરાત્રીના ગરબા યોજાશે

## આ ધાર્મિક મહોત્સવમાં ચૈત્ર સુદ આઠમના રોજ દેરાહરુ જાતરનો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લાના ઉનાવા ગામમાં ચૈત્રી નવરાત્રી નિમિતે તા.૭ થી ૧૬ એપ્રિલ દરમિયાન ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ઉનાવા ગામમાં સ્થિત ગોગાજી મહારાજ અને સિકોતર માતાજીના મંદિરમાં દેવ સ્વરુપ પ.પૂ.ભકત કરશન બાપાની પ્રેરણાથી આ મહોત્સવની ઉજવણી કરવામાં આવશે. આ અંતર્ગત તા.૧૪ એપ્રીલના રોજ દેરાહરુ (જાતર), નો ધાર્મિક કાર્યક્રમ પણ યોજવામાં આવશે. આ પ્રસંગે સૌ ભાવિભક્તોને પધારવા સમસ્ત ગોગાજી પરિવાર દ્વારા જણાવાયું છે.

ગાંધીનગર નજીક આવેલ ઉનાવા ગામે ચૈત્રી નવરાત્રી દરમિયાન સુંદર વિવિધ ધાર્મિક કાર્યક્રમનું આયોજન ગોગાજી પરિવાર અને સમસ્ત ગોગાજી યુવક મંડળ દ્વારા કરવામાં આવ્યું છે. જેમાં ચૈત્ર સુદ એકમને તા.૮મી એપ્રીલને શુક્રવારના રોજ રાત્રે ૧૦-૧૫ કલાકે માતાજીને ચોકમાં પધરાવવાનું મૂહૂર્ત, છઠ્ઠને ને તા.૧૨ ને મંગળવારના રોજ હવન સવારે ૯-૧૫ કલાકે યોજાશે અને હવન પૂર્ણાહુતી બપોરના ૪-૧૫ કલાકે થશે, જયારે બપોરે ૧૨-૧૫ કલાકે ધજા ચઢાવાશે, ચૈત્ર સુદ આઠમને ગુરુવારના રોજ રાત્રે ૯-૧૫ કલાકે ફુલ ચઢશે અને નોમના દિવસે તા.૧૫મીના રોજ સવારે ૫-૧૫ કલાકે પીયાલા પીવાશે, તા.૧૬ એપ્રીલને નોમને શનિવારના રોજ પરોઢીયે ૪-૧૫ કલાકે મઢમાં માતાજીને વળાવાનો સમય રાખવામાં આવેલ છે. જયારે ચૈત્ર સુદ નવરાત્રીના નવ દિવસ દરરોજ રાત્રે રાસ-ગરબા યોજાશે. ચૈત્ર સુદ આઠમ અને નોમના રોજ બપોરે પ્રસાદીનું આયોજન ભકતો માટે કરવામાં આવ્યું છે. આ ધાર્મિક પ્રસંગમાં સૌ ભાવિ ભકતો, ગ્રામજનોને પધારવા પ.પૂ.ભકત શકરાભાઈ કરશનભાઈ રબારી અને ભકત નાગજીભાઈ શકરાભાઈ રબારી પરિવાર તેમજ ગોગાજી યુવક મંડળે આમંત્રણ પાઠવ્યું છે. આ ધાર્મિક પ્રસંગે ઉનાવા ધામ રાસ-ગરબાની રમઝટથી ગુંજી ઉઠશે.

# કોંગ્રેસે દ્વારા વિવાદો ઉભા કરી દેશવિરોધી તાકાતોને પીઠબળ

ભાજપ કારોબારીની બેઠકમાં રાજકીય પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો જેમાં કોંગ્રેસની જોરદાર ઝાટકણી કાઢવામાં આવી છે. આમા જણાવવામાં આવ્યું છે કે, કોંગ્રેસ એટલે મતલક્ષી અને ભાગલાવાદી કુટનીતિ કરનાર પાર્ટી. કોંગ્રેસ પર પ્રહાર કરતા જણાવવામાં આવ્યું છે કે, ઈશરત કેસમાં ભાજપના નેતાઓને ફસાવવા કોંગ્રેસે જે ષડયંત્રો કર્યા હતા તેનો પર્દાફાશ થઈ ચુક્યો છે. ઠરાવમાં જણાવવામાં આવ્યું છે કે, કોંગ્રેસે આ દેશ પર આઝાદી પછીનાં કાળમાં લગભગ છ દાયકા સુધી શાસન કર્યું છે, તે કોંગ્રેસ આજે રાષ્ટ્રની અખંડીતા અને સાર્વભૌમત્વ પર ખતરો ઉભો કરનારાઓની પડખે રહી, વાણી સ્વાતંત્ર્યનાં અંચળા હેઠળ ભાગલાવાદી પરિબળોનો બચાવ કરી રહેલ છે, એ દેશના પ્રવર્તમાન રાજકારણની મોટામાં મોટી કમનસીબી છે. રાષ્ટ્રવાદનાં આધારસ્તંભ પર જેનું નિર્માણ થયેલ છે, એવાં ભારતીય જનતા પક્ષની ગુજરાત પ્રદેશની કારોબારી, કોંગ્રેસની આ રાષ્ટ્રહિત વિરોધી માનસિકતાનો વિરોધ કરે છે અને આવી નકારાત્મક અને ખંડનાત્મક રાજનિતીનાં પડકારની સામે લડી લેવાનો અડગ નિર્ધાર કરે છે.

શ્રી એમ.પી. શાહ એજ્યુકેશન સોસાયટી, કડી સંચાલિત

# સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કૉમર્સ કોલેજનો ૫૩ મો વાર્ષિકોત્સવ યોજાયો

કડી, તા. ૪

શ્રી એમ પી શાહ એજ્યુકેશન સોસાયટી સંચાલિત સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કૉમર્સ કોલેજનો ૫૩મો વાર્ષિકોત્સવ તથા તેજસ્વી તારલાઓને પારિતોષિક વિતરણ સમારોહ ચંપાબેન રતિલાલ પટેલ ટાઉનહોલ, કડીમાં - જાણીતા ઉદ્યોગપતિ અને રાજા ઈન્ડસ્ટ્રીઝના માલિક શેઠ દિલીપભાઈ પટેલના અધ્યક્ષપદે યોજાઈ ગયો. સમારોહમાં મુખ્ય મહેમાનપદે કનુભાઈ પટેલ ( પ્રમુખ, કડી નગરપાલિકા), હીનાબેન ખમાર ( ઉપપ્રમુખ, કડી નગરપાલિકા) મુકેશભાઈ બી. પટેલ (ભાગ્યોદય હાર્ડવેર, કડી) તથા અતિથિવિશેષપદે જશુભાઈ પટેલ (ચેરમેન, ટાઉન પ્લાનિંગ કમિટી, કડી), વિષ્ણુભાઈ પટેલ (કડી નગરપાલિકા), કેશુભાઈ પટેલ (નિયામક, અમૃત વિદ્યાસંકુલ, કડી), જશુભાઈ કંદોઈ ( મનીષ મીઠાઈ ઘર, કડી), ડૉ. રજનીકાંત શાહ (ઉપપ્રમુખ, એમ. પી. શાહ એજ્યુકેશન સોસાયટી, કડી) શેઠ નલીનભાઈ શાહ, શેઠ અશ્વિનભાઈ પરીખ (મંત્રી, શ્રી એમ. પી. શાહ એજ્યુકેશન સોસાયટી), જયદીપભાઈ બ્રહ્મભટ્ટ, રાજુલભાઈ પરીખ, અબ્દુલભાઈ દલાલ, મકસુદભાઈ મન્સુરી (કારોબારી સભ્ય, એમ.પી. શાહ એજ્યુકેશન સોસાયટી), અનસુયાબેન પરીખ (દાતા), ડૉ. હીનાબેન પટેલ (પ્રિન્સીપાલ, મહિલા આર્ટ્સ કોલેજ, કડી ) ડૉ. પ્રકૃતિ બેન મોટકા ( પ્રિન્સીપાલ, શ્રીમતી શાન્તાગૌરી રસિકલાલ રંગવાલા ફીઝીયોથેરાપી કૉલેજ, કડી) તથા કડી નગરના શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કોલેજના પ્રિ. ડૉ. જી. ડી. ત્રિપાઠીએ ઉપસ્થિત સર્વ મહેમાનો તથા વિદ્યાર્થીઓનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે પીએચ. ડી. ની પદવી પ્રાપ્ત કરનાર અધ્યાપકોનું સોસાયટી દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. મંત્રી નલીનભાઈ શાહ દ્વારા સંસ્થાનો ટૂંકમાં પરિચય અપાયો હતો. પ્રો. ચિરાગ ધંધુકિયાએ કોલેજનો વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો. યુનિ. પરીક્ષામાં વિશેષ યોગ્યતા પ્રાપ્ક કરનાર વિદ્યાર્થીઓને શિલ્ડ અર્પણ કરાયા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમમાં સત્તર જેટલી કૃતિઓ રજૂ થઈ હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. જે. એમ. ચાવડાએ કર્યું હતું. કાર્યક્રમને અંતે આભારવિધિ વાઈસ પ્રિન્સિપાલ આઈ. બી. પટેલે કરી હતી.



સાબમરતી નદીમાં લીલ જામી ગઈ છે જેથી પ્રદૂષણનું પ્રમાણ વધી રહ્યું છે. રિવરફ્રન્ટ ખાતે આવતા લોકોને પણ મુશ્કેલી નડી રહી છે.

# વિશ્વકર્મા એન્જીનીયરીંગ કોલેજ ખાતે નેશનલ સ્માર્ટ સિટી કોન્ફરન્સનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૪

ચાંદખેડાની વિશ્વકર્મા એન્જિનીયરીંગ કોલેજ ખાતે સ્માર્ટ સિટી અંતર્ગત રાષ્ટ્રીય કક્ષાના ત્રિદિવસીય સેમિનારનો આજે ભવ્ય પ્રારંભ થયો છે. વીજીઈસીજીટીયુ ઈનોવેશન કાઉન્સિલ કલબ દ્વારા આયોજિત આ નેશનલ કોન્ફરન્સમાં વિશ્વકર્મા એન્જિનીયરીંગ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. આર.કે. ગજ્જર, ઈન્ડિયન પ્લાઝમા રિસર્ચના ડીન ડૉ. સુબ્રતો બેનર્જી, એસપીએફયુના કોઓર્ડિનેટર ઉષા નિલકંઠ, સીટીઈના જોઈન્ટ ડીરેક્ટર ડૉ. વી.એસ. પુરાણી, ગાંધીનગર આઈઆઈટીના નિયામક ડૉ. સુધિર જૈન તથા ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. એમ.એન. પટેલ મુખ્ય અતિથિપદે ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ. એમ.એન. પટેલે જણાવ્યું હતું કે વિજ્ઞાન ક્ષેત્રે સંશોધન માટે ભંડોળ ઉપલબ્ધ છે પરંતુ તે તકનિકી રિસર્ચ માટે ભંડોળ અંગે ભારે અનિશ્ચિતતા પ્રવર્તે છે. તેમણે વર્તમાન શિક્ષણ પદ્ધતિમાં સુધારા અંગે સૂચન કર્યા હતા. પ્રા. ઉષા નિલકંઠે ઈચ્છિત કાર્યો અને તેને સિદ્ધ કરવા માટે ગુણવત્તા સુધારવા પર ભાર મુક્યો હતો અને પ્રમાણભૂત સંશોધન કાર્ય થકી જ સંસ્થા ઓળખાય છે તેવુ જણાવ્યું હતું. આ કોન્ફરન્સમાં આઈઆઈટી ગાંધીનગરના વૈજ્ઞાનિક ડૉ. એસ.કે. જૈન તથા આઈપીઆરના ડૉ. અમિતા દાસ ઉપરાંત ઈસરોના એન.એમ. દેસાઈ દ્વારા વક્તવ્યો રજૂ કરવામાં આવનાર છે.

ડૉ. આર.કે. ગજ્જરના જણાવ્યા અનુસાર આ પરિષદ માટે ઈરાદાપૂર્વક વિવિધ થીમ્સની પસંદગી કરવામાં આવી છે. આ થીમ્સમાં ઉર્જાનું નવીનીકરણ, સ્માર્ટ શહેરો, સાયબર સુરક્ષા, આરોગ્ય અને બાયોમેડિકલ કાર્યક્રમો, સામગ્રી વિજ્ઞાન તથા નેનો ટેકનોલોજી વગેરે મુદ્દે સામાજિક અનુરૂપતાની આવશ્યકતા પર ભાર મુકવામાં આવ્યો છે. આ કોન્ફરન્સમાં રેનલ ડિઝીઝના પ્રારંભિક નિદાન માટે ન્યુરલ નેટવર્ક આધારિત સીસ્ટમની રચના તથા ધરતીકંપમાં ટકી શકે તેવા બહુમાળીય મકાનો વગેરે અંગેના સંશોધનો આવરી લેવાયા છે.

## વિક્રમી મતદાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રધાન સોનોવાલ અને મુખ્યપ્રધાન તરૂણ ગોગોઈના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. આસામમાં પ્રથમ તબક્કામાં આશરે ૯૪ લાખ મતદારો પૈકી મોટા ભાગના મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા માટે ઉત્સુક દેખાયા હતા. આસામમાં મુખ્યપ્રધાન તરૂણ ગોગોઈ અને ભાજપના મુખ્યપ્રધાન પદના ઉમેદવાર સર્બાનંદ સોનોવાલ સહિત ૫૩૯ ઉમેદવાર ના ભાવિ સીલ થઈ ગયા હતા જ્યારે બંગાળમાં પશ્ચિમી મિદનાપુર, પુરુલિયા અને બંનકુરા જિલ્લાઓને આવરી લેતી વિધાનસભાની ૧૮ બેઠકો માટે મતદાન થયું હતું. અહીં ૩૮ લાખ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા માટે તૈયાર હતા. સાથે સાથે ૫૦૦૦ મતદાન મથકો સ્થાપિતકરવામાં આવ્યા હતા જ્યા ભારે ભીડ રહી હતી. આસામમાં ૬૫ અને પશ્ચિમ બંગાળમાં ૧૮ બેઠક માટે ચૂંટણી પ્રચારનો અંત આવી ગયા બાદ ઉમેદવારો વ્યક્તિગતરીતે સક્રિય થઈ ગયા હતા. ચૂંટણી પંચ દ્વારા શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ ચૂંટણીની ખાતરી કરવા માટે તમામ પગલા લેવામાં આવ્યા હતા. પુરતી સંખ્યામાં સુરક્ષા જવાનો પણ ગોઠવી દેવામાં આવ્યા હતા. આસામમાં બે તબક્કામાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. મતગણતરીની પ્રક્રિયા ૧૯મી મેના દિવસે હાથ ધરવામાં આવશે. તરુણ ગોગોઈના નેતૃત્વમાં કોંગ્રેસ સરકારની અવધિ જૂન મહિનામાં પુરી થવા જઈ રહી છે. પ્રાથમિક ઓપિનિયન પોલના તારણ જારી કરવામાં આવી ચુક્યા છે. જે મુજબ આસામમાં ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી શકે છે. ઓપિનિયન પોલ પર વિશ્વાસ કરવામાં આવે તો મમતાની પાર્ટી ૪૦ ટકા મત હિસ્સેદારી મેળવીશકે છે. તે ૧૬૦ બેઠકો પર જીત મેળવી શકે છે. કોંગ્રેસને આઠ ટકા વોટ અને ૨૧ સીટો મળી શકે છે. છેલ્લી ચૂંટણીમાં ભાજપને એક પણ બેઠક મળી ન હતી.

## પોલિસી સમીક્ષા બેઠક

● અનુસંધાન પહેલાનું ચાલુ

૫.૭૫ ટકા, એમએસએફ ૭.૭૫ ટકા, બેંકરેટ ૭.૭૫ ટકા થયો હતો. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગવર્નર રાજન છેલ્લા કેટલાક દિવસથી નાણાં મંત્રાલય અને ઈન્ડસ્ટ્રી તરફથી દબાણ હેઠળ હતા. કારણકે નાણાં મંત્રાલય અને ઈન્ડસ્ટ્રી દ્વારા ઈકોનોમી રિકવરીની ગતિને ઝડપી કરવા વ્યાજદરમાં કાપની માંગ કરી રહ્યા હતા.શેરબજારમાં અને ઓટો મોબાઈલ કંપનીઓમાં છેલ્લા કેટલાક દિવસથી પોલીસી સમીક્ષાને લઈને ચર્ચા છે. કારણ કે તેના આધાર પર જ બજારની દિશા નક્કી કરવામાં આવનાર છે. વ્યાજદરમાં ઘટાડો થાય તેવી અપેક્ષા લોકો રાખી રહ્યા છે. કારણ કે આના કારણે હોમ અને ઓટો લોન ઈએમઆઈમાં ઘટાડો થઈ શકે છે. જે સામાન્ય લોકોને રાહત આપી શકે છે. વર્ષ ૨૦૧૫માં આરબીઆઈ દ્વારા રેપો રેટમાં ૧.૨૫ ટકા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો હતો. પરંતુ બેંકો દ્વારા રેટમાં માત્ર ૦.૭૦ ટકાનો જ ઘટાડો કરવામાં આવ્યો હતો. તમામ અર્થશાસ્ત્રીઓ અને બેંકરો માને છે કે વ્યાજદરમાં ૨૫ બેઝિજ પોઈન્ટનો ઘટાડો થવા માટે અવકાશ રહેલો છે. કેટલાક લિક્વિડીટી પગલા લેવાઈ શકે છે.

## સ્કીમ લોંચ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે એસસી અને એસટી અને મહિલા ઉદ્યોગ સાહસિકો જે લોન લેશે તેમને વિડ્રોઅલ માટે રૂપે ડેબિટ કાર્ડ આપવામાં આવશે. વધુમાં લોન પહેલાની ટ્રેનિંગ, લોન સુવિધા, માર્કેટિંગ અંગે વિગત આપવામાં આવશે.

સ્મોલ ઈન્ડસ્ટ્રી ડેવલપમેન્ટ બેંક ઓફ ઈન્ડિયા (એસઆઈડીબીઆઈ) અને નેશનલ ક્રેડિટ ગેરન્ટી ટ્રસ્ટ કંપની લિમિટેડ (એનસીજીટીસી) મારફતે ૧૦ હજાર કરોડના રિફાઈનાન્સ વિન્ડોની રચના કરાશે જેનાથી ઉદ્યોગ સાહસિકો પોતાની જરૂરિયાત મુજબ લાભ ઉઠાવી શકશે. સરકાર ઓનલાઈન રજિસ્ટ્રેશન માટે વેબપોર્ટલની રચના કરશે. સાથે સાથે સર્વિસને ટેકો આપશે. લોન લેનારાઓના ઈતિહાસ ઉપર પણ નજર રાખવામાં આવશે. સાથે સાથે તેમનો ઈતિહાસ પણ રાખવામાં આવશે. વડાપ્રધાન દ્વારા હાલમાં લોંચ કરવામાં આવેલી કેટલીક સ્કીમોને જોરદાર પ્રતિસાદ મળ્યો છે. જેમાં જન ધન સ્કીમનો સમાવેશ થાય છે. આ સ્કીમ હેઠળ મોટી સંખ્યામાં લોકોના બેંક ખાતા ખુલી ગયા છે. લોકોને આ સ્કીમમાં સામેલ થવા માટે મોટા પાયે ઝુંબેશ ચલાવાઈ હતી.

## વેરાની વસુલાત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૪૪ લાખની વસુલાત કરી છે. જયારે હાલમાં પણ પાટનગર યોજના ભવનમાં પાણી ગટર વેરાની ચુકવણી માટે જોડાણકર્તાઓની કતાર જોવા મળે છે.પાણી ગટર વેરાના માંગણા સામે તંત્ર દ્વારા માત્ર ૪૫ ટકા જ વસુલાત થઈ હોવાનુ ધ્યાને આવ્યુ છે. શહેરમાં પાણી ગટર વેરાની વસુલાતના મામલે ફરિએકવાર નબળુ ચિત્ર ઉપસી આવ્યુ છે.

## જાહેર નોટીસ

આથી જાહેર નોટીસ આપવામાં આવે છે કે, સુચિત જયશ્રી બ્રહ્માણી કો.ઓપ. ક્રેડીટ એન્ડ સપ્લાય સોસાયટી લી. ગાંધીનગરની નોંધણી ગાંધીનગર કાર્યવિસ્તાર માટે દરખાસ્ત જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, સહયોગ સંકુલ, બી-બ્લોક, છઠ્ઠો માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર ખાતે રજૂ કરવામાં આવેલ છે. આ મંડળીની નોંધણી સામે કોઈપણ ક્રેડીટ સોસાયટી તેમજ ધિરાણ કરતી અન્ય સહકારી સંસ્થા, શરાફી બેંકોને વાંધો હોય તો દિન-૫માં હરીશકુમાર પશાભાઈ પ્રજાપતિ, મુખ્ય પ્રયોજક, જયશ્રી બ્રહ્માણી કો.ઓપ.ક્રેડીટ એન્ડ સપ્લાય સોસાયટી લી. સેક્ટર-૫/એ, પ્લોટ નં. ૧૩૦૦/૨, ગાંધીનગર ખાતે સવારના ૮ થી ૧૨ સુધીના સમય દરમિયાન લેખિતમાં આપી જવા જણાવવામાં આવે છે.

**શ્રી હરીશકુમાર પશાભાઈ પ્રજાપતિ - મુખ્ય પ્રયોજક**
**જયશ્રી બ્રહ્માણી કો.ઓપ.ક્રેડીટ એન્ડ સપ્લાય સોસાયટી લી.**
**સેક્ટર-૫/એ, પ્લોટ નં. ૧૩૦૦/૨, ગાંધીનગર-૩૮૨૦૦૬**